**<u>આંક-૧ નીચે હુકમઃ</u>** **<u>ફોજદારી કેસ નં.૪૮૭૫/૨૦૧૦</u>**

આજ રોજ નામદાર નેશનલ લીગલ સર્વિસ ઓથોરોટીઝના ઉપક્રમે નેશનલ લોક અદાલત યોજવામાં આવેલ છે અને નામદાર ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળના તથા નામદાર જીલ્લા અદાલતના આદેશ મુજબ આજ રોજ સ્પેશ્યલ સીટીંગ રાખેલ છે.

સદર કેસનું રેકર્ડ જોવામાં આવે તો, કેસ જુનો છે. આરોપી સામે આક્ષેપિત ગુન્હાની સજાની જોગવાઇ ધ્યાને લેતાં, કેસ સમન્સ/સમરી ટ્રાયેબલ છે. કેસનું રોજકામ જોવામાં આવે તો, આ કામે પશુ પ્રત્યે ઘાતકીપણુ અધિનીયમની કલમ–૧૧,સી,ડી, તથા આઈ.પી.સી.કલમ–૧૪૪ અન્વયે આ કામેના આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ દાખલ થયેલ છે. સદર કામેના આરોપીઓ સામે સમયાંતરે અને વારંવાર કોર્ટ પ્રોસેસ કાઢવામાં આવેલ છે પરંતુ આરોપી ની સામે કાઢવામાં આવેલ પ્રોસેસ આરોપી મળી આવતા નથી અને ઘર છોડીને જતા રહેલ છે અને જે કયા ગયેલ છે તેની ખબર ન હોવાના શેરા સાથે વગર બજે પરત આવેલ છે. આમ, આરોપી નજીકના ભવિષ્યમાં મળી શકે તેવી કોઈ શકયતા જણાઈ આવતી ન હોઈ અને આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ નથી કે ફરિયાદ પક્ષ આરોપીને હાજર રખાવવામાં સફળ થયેલ નથી. આમ, સદર કેસ ઘણાં લાંબા સમયથી આરોપીની ગેરહાજરીને કારણે પેન્ડીંગ છે જેથી ન્યાયિક કાર્યવાહી આગળ ચાલી શકતી નથી. આથી, આરોપીને અદાલત સમક્ષ હાજર કરવા બાબતે પોલીસ તંત્રને હવે વધુ તકો આપવી ઉચિત જણાતું નથી.

**<u>પી. રામચંદ્ર વિ. કર્ણાટક રાજ્ય – ૨૦૦૨(૨) જી.એલ.આર. પાના નં.૧૫૪૯</u>** ઉપર પ્રસિદ્ધ થયેલ નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં માનનીય સાત ન્યાયાધીશોની ખંડપીઠે ઠરાવેલ છે કે "The Criminal Courts should exercise their available powers such as those under Sections 309, 311, 258 of the Code of Criminal Procedure, 1973 to effectuate the right to speedy trial". આ ઉપરાંત આપણી નામદાર હાઇકોર્ટના પરિપત્ર નં.૨૯૧૭/૨૦૦૬ તા.૧૭.૧૦.૨૦૦૬ માં નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા નીચલી અદાલતોને એવી સૂચના આપવામાં આવેલ છે કે આરોપીઓને અદાલત સમક્ષ હાજર રખાવવા બાબતે અદાલતો પોલીસ તંત્રને મર્યાદિત તકો આપી યોગ્ય કિસ્સાઓમાં સી.આર.પી.સી. કલમ-૨૫૮ અન્વયે મળેલ સત્તાઓનો ઉપયોગ કરે.

આથી, કેસની હકીકતો, કેસની ન્યાયિક કાર્યવાહીનો પ્રકાર તેમજ આરોપીની હાજરી મળી આવતી ન હોય તેમજ પોલીસ તંત્ર આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવવામાં નિષ્ફળ નિવડેલ હોય અને હવે વધુ સમય પોલીસ તંત્રને આપવો ઉચિત જણાતો ન હોય, નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદામાં આપેલ ગાઇડલાઇનને ધ્યાને લેતા, અત્રેની અદાલતને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની કલમ-૨૫૮ની જોગવાઇ અન્વયે કેસની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાઇ આવે છે. આથી, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-::હુકમ::-</u>**

૧. ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની કલમ-૨૫૮ મુજબ આરોપી સામેના કેસની આગળની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમ છતાં, પોલીસ આરોપીની શોધખોળ કરી મળી આવે તો સંહિતાની કલમ–૩૦૦ (૫) અન્વયે ફરી ચાર્જશીટ કરી શકશે.

૨. આરોપી/ઓ ના જાતમુચરકો તથા જામીન ખત રદ કરવામાં આવે છે. જો આરોપીએ જામીનગીરી પેટે રોકડ રકમ જમા કરાવેલી હોય તો તે રકમ નાઝરશ્રીએ ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ-૪૪૬ અન્વયે સરકાર શ્રી ખાતે જમા લેવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામે કબજે લીધેલ મુદ્દામાલ અંગે જો વચગાળાનો હુકમ અગાઉ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે. અન્યથા બીન-કિમતી મુદ્દામાલ કે કિમતી મુદ્દામાલ જો હોય તો તેનો અપીલ સમય બાદ ક્રીમીનલ મેન્યુઅલની જોગવાઇ મુજબ નિયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ ૧૧ મી, માહે : ફેબ્રુઆરી સને:૨૦૨૩નાં રોજ સ્પે.સીટીંગમાં ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ રાજકોટ
તારીખઃ ૧૧ /૦૨/૨૦૨૩

**( કુ. વિનતી)**
૪થા એડી. જયુડી.મેજી.ફ.ક., રાજકોટ
યુઆઈડી:જીજે૦૧૫૫૦